# Bhakta Kavi Narsinh Mehta University

Govt. Polytechnic Campus, Bhakta Kavi Narsinh Mehta University Road, Khadiya, Junagadh, Gujarat (India)-362 263 Ph.(0)0285-2681400 / Fax : 0285-2681503

**Website :** http://www.bknmu.edu.in **Email :** cebknmu@gmail.com


## પરીપત્ર

**વિષય : આગામી સમયમાં યોજાનાર યુ.જી. સેમ.-૫ ની પરીક્ષાના પરીક્ષા ફોર્મની ઓનલાઇન એન્ટ્રી શરૂ કરવા બાબત.**

આથી ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તેમજ માન્ય સંસ્થાના વડાઓને જણાવવાનું કે, આગામી સમયમાં યોજાનાર **યુ.જી. સેમ.-૫** ની પરીક્ષાના, પરીક્ષા ફોર્મની ઓનલાઇન એન્ટ્રીની તારીખ નીચે મુજબ રહેશે. નિયત સમય-મર્યાદામાં કોલેજ દ્વારા તેમના લોગીન મારફત એન્ટ્રી કરવાની રહેશે.

| કોર્ષનું નામ | રેગ્યુલર ફી | લેઇટ ફી [રેગ્યુલર ફી + ૫૦૦] | દંડાત્મક ફી [રેગ્યુલર ફી + ૫૦૦ + ૧૫૦૦] |
|---|---|---|---|
| યુ.જી. સેમ.- ૫ (તમામ કોર્ષ, એલએલ.બી. સીવાય) | તા. ૨૫/૦૯/૨૦૨૧ થી તા. ૦૫/૧૦/૨૦૨૧ | તા. ૦૬/૧૦/૨૦૨૧ થી તા. ૦૭/૧૦/૨૦૨૧ | તા. ૦૮/૧૦/૨૦૨૧ |

છેલ્લી તારીખ બાદ કરવામાં આવેલ સુધારો સોફટવેર સ્વીકારશે નહી. દંડાત્મક ફી ની તારીખ બાદ પણ જો કોઇ વિદ્યાર્થીના પરીક્ષા ફોર્મ ભરવાના બાકી હોય તો તેવા વિદ્યાર્થીઓના પરીક્ષા ફોર્મ યુનિવર્સિટી ખાતેથી ભરવાનાં રહેશે.

દંડાત્મક ફી સાથેની છેલ્લી તારીખ બાદ દિવસ ૧(એક)માં ફરજીયાત પણે ચેકલિસ્ટ તેમજ ફી મેમો પરીક્ષા વિભાગમાં જમા કરાવવાનો રહેશે જેની ગંભીરતાથી નોંધ લેવી તથા પરીક્ષા ફોર્મ ફી **"રજીસ્ટ્રાર, ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ"** ના નામના ડીમાન્ડ ડ્રાફ્ટ દ્વારા ભરવાની રહેશે.

**ખાસ નોંધ :**

૧. દરેક વિદ્યાર્થીએ પરીક્ષા ફોર્મમાં જે વિષય દર્શાવેલ હોય તે જ વિષયની કોલેજ દ્વારા સોફટવેરમાં એન્ટ્રી કરવી.
૨. કોલેજ દ્વારા પરીક્ષા ફોર્મની એન્ટ્રી થયા બાદ ફરજીયાત વેરીફાય કરી લેવાનું રહેશે.
૩. રીપીટર વિદ્યાર્થીનાં વિષયમાં ફેરફાર કરી આપવામાં આવશે નહી જે કોલેજ તેમજ વિદ્યાર્થીઓએ ધ્યાને લેવું.
૪. પરીક્ષાના આવેદનપત્ર કોલેજે પોતાની પાસે રેકોર્ડ માં સાચવીને રાખવાં જરૂર પડયે યુનિવર્સિટી દ્વારા મંગાવવામાં આવે તો રજુ કરવાનાં રહેશે.
૫. COVID-19 અંગે સરકારશ્રી દ્વારા વખતોવખત જાહેર કરવામાં આવેલ માર્ગદર્શિકાનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. કર્મચારીઓએ માસ્ક પહેરી (ફેસ કવર) તેમજ સામાજીક અંતર જાળવી ઉપરોક્ત કામગીરી કરવાની રહેશે.

પરીક્ષા નિયામક

ક્રમાંક - બીકેએનએમયુ/પરીક્ષા/૧૬૭૯/૨૦૨૧
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડિયા, જુનાગઢ-૩૬૨૨૬૩
તા. ૨૪/૦૯/૨૦૨૧

પ્રતિ,
યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તેમજ માન્ય સંસ્થાના વડાઓ તરફ....

નકલ સવિનય રવાના:-
(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી
(૨) આઇ.ટી. સેલ (વેબસાઇટ પર પ્રસિધ્ધ થવા તેમજ યોગ્ય કાર્યવાહી અર્થે )
(૩) હિસાબી શાખા.